**બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાના અધિકાર અધિનિયમ-૨૦૦૯, હેઠળ સ્થાનિક સત્તામંડળ જાહેર કરવા બાબત.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧૧૨-જીઓઆઇ-૨૯-ક.**
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૦૨/૨૦૧૩

<u>વંચાણે લીધાઃ</u>

(૧) ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયના તા.૧૪-૨-૨૦૧૨ ના પત્ર ક્રમાંકઃ-એફ-૧-૧૮-૨૦૧૦-ઇઇ-૪

(૨) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાનના તા.૧૫-૫-૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃ-એસએસએ-આરટીઇ-૨૦૧૨-૧૯૯૫૯.

**ઠ રા વઃ-**

બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯, હેઠળ ૬ થી ૧૪ વર્ષનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો હક્ક પ્રાપ્ત થાય છે.

૨. આ અધિનિયમની કલમ-૯ ની જોગવાઇ અનુસાર સ્થાનિક સત્તા મંડળે તે કલમમાં દર્શાવેલી જુદી જુદી ફરજો બજાવવાની રહે છે છે તે ફરજો કે તે પૈકી કોઇ ફરજ અદા કરવામાં જો કોઇ સત્તા મંડળ નિષ્કાળજી દાખવે તો, RTE અધિનિયમ, ૨૦૦૯ અન્વયે કોઇ પણ વ્યકિત સત્તા મંડળને ફરિયાદ કરી શકશે. સ્થાનિક સત્તા મંડળની આવી ફરજો નીચે મુજબ છેઃ-

(૧) દરેક બાળકને સરકારી અને અનુદાનિત શાળાઓ મારફતે મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ આપવાનું રહેશે.

(૨) ઉપરોકત અધિનિયમની કલમ-૬ મુજબ સબંધિત વિસ્તારમાં શાળા ન હોય તો સ્થાનિક સત્તા મંડળે ઉપરોકત અધિનિયમ અમલમાં આવ્યાના ત્રણ વર્ષની મુદતમાં નજીકના વિસ્તારમાં શાળા સ્થાપવાની રહેશે.

(3) નબળા વર્ગના બાળકોને અને વંચિત જૂથના બાળકોને પ્રાથમિક શિક્ષણ મેળવવામાં અને પૂરુ કરવામાં કોઇ પણ કારણસર ભેદભાવ રાખવામાં નહીં આવે કે અટકાવવામાં નહીં આવે તે જોવાનું રહેશે.

(૪) નિયત પધ્ધતિ મુજબ, જે તે સત્તા મંડળે તેના વિસ્તારમાં ચૌદ વર્ષ સુધીની વયના બાળકોનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

(૫) સત્તા મંડળના વિસ્તારમાં વસતા દરેક બાળકના શાળા પ્રવેશ, હાજરી અને પ્રાથમિક શિક્ષણ પૂરા કરવા બાબતે મોનીટરીંગ કરવાનું રહેશે.

(૬) શાળાનું મકાન, શૈક્ષણિક સ્ટાફ અને અભ્યાસને લગતું સાહિત્ય પૂરું પાડવાનું રહેશે.

(૭) ઉકત અધિનિયમની કલમ-(૪) મુજબ છ વર્ષથી વધુ ઉંમર ધરાવતા બાળકને સબંધિત વર્ગમાં જો સીધો પ્રવેશ આપવામાં આવ્યો હોય તો તેને ખાસ તાલીમ આપવાની રહેશે.

(૮) **શાળામાં શિક્ષકોની સંખ્યા**, મકાન, શાળાના કામકાજના દિવસો, ગ્રંથાલય, રમત-ગમતના સાધનો વિગેરે બાબતો અંગે અધિનિયમની શિડયુલમાં નિર્દિષ્ટ માપદંડો અને ધોરણો મુજબ સારી ગુણવત્તાવાળું પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાનું રહેશે.

(૯) પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ અને કોર્સ સમયસર નિયત થાય તેની ખાતરી કરવી.

(૧૦) શિક્ષકો માટે તાલીમની વયવસ્થા કરવાની રહેશે.

(૧૧) વિચરતા કુટુંબોના બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવે તે જોવાનું રહેશે.

(૧૨) સંબંધિત સત્તા મંડળના વિસ્તારમાં આવેલી શાળાઓ કાર્યરત રહે તેની કાળજી લેવાની રહેશે.

(૧૩) શૈક્ષણિક કેલેન્ડર નકકી કરવાનું રહેશે.

૩. વધુમાં, ઉપરોકત અધિનિયમની કલમ-૨૪(૧)ની જોગવાઇ મુજબ શિક્ષકે નીચે મુજબની ફરજો બજાવવાની છેઃ-

(૧) શાળામાં નિયમિત અને સમયસર હાજરી આપશે.

(૨) કલમ-(૨૯) ની પેટા કલમ-(૨) પ્રમાણે અભ્યાસક્રમ ચલાવશે અને પૂરો કરશે.

(૩) નિર્ધારિત સમયમાં સંપૂર્ણ અભ્યાસક્મ પૂરો કરશે.

(૪) દરેક બાળકની શીખવાની ક્ષમતાનું મુલ્યાંકન કરશે અને જરૂર જણાશે તો તે પ્રમાણે વધારાની પૂરક સૂચનાઓ આપશે.

(૫) બાળકોના માતા-પિતા અને વાલીઓ સાથે નિયમિત બેઠકો ગોઠવશે અને બાળકની હાજરીમાં નિયમિતતા, શીખવાની શકિત, શીખવામાં તેણે કરેલી પ્રગતિ અને બીજી સબંધિત માહિતીની જાણકારી આપશે.

(૬) બીજી જે કંઇ ફરજો નકકી કરવામાં આવી હોય તે બજાવશે.

૪. ઉકત અધિનિયમની કલમ-૩૨(૧) મુજબ કલમ-૯ તથા કલમ-૨૪(૧)માં નિર્દિષ્ટ ઉપરોકત બાબતો તથા અધિનિયમમાં બાળકના મફત અને ફરજિયાત શિક્ષણના અન્ય હક્કો અંગે કોઇ પણ વ્યકિતને ફરિયાદ હોય તો ક્ષેત્રાધિકાર ધરાવતાં સ્થાનિક સત્તા મંડળને લેખિત ફરિયાદ કરી શકે છે. આ માટે રાજયમાં સ્થાનિક સત્તા મંડળ (Local Authority) જાહેર કરવાની બાબત વિચારણા હેઠળ હતી. **સંદર્ભ-(૨) માં દર્શાવેલા સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાને તેમના તા.૧૫-૫-૨૦૧૨ ના** પત્રથી સ્થાનિક સત્તા મંડળ રચવા સરકારને દરખાસ્ત કરી છે. આ બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સરકાર રાજયમાં છ થી ચૌદ વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણને લગતી કોઇ પણ વ્યકિત લેખિત ફરિયાદ કરે તો તેના નિવારણ માટે નીચે મુજબ સ્થાનિક સત્તા મંડળ જાહેર કરવાનું આથી ઠરાવે છેઃ-

| ક્રમાંક | વિસ્તાર | સ્થાનિક સત્તા મંડળ |
|---|---|---|
| (૧) | ગ્રામ્ય વિસ્તાર | સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ |
| (૨) | નગર પંચાયત વિસ્તાર | જયાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અસ્તિત્વ ધરાવતી હોય તો તે સમિતિ. |
| (૩) | નગરપાલિકા વિસ્તાર | જયાં નગરપાલિકા શિક્ષણ સમિતિ અસ્તિત્વ ધરાવતી ન હોય તો ત્યાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ. |
| (૪) | મહાનગરપાલિકા વિસ્તાર | સંબંધિત મહાનગરપાલિકા |

| | | |
|---|---|---|
| (૫) | કેન્ટોન્ટમેન્ટ એરીયા, અમદાવાદ | જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ. |
| (૬) | ગાંધીનગર શહેરી વિસ્તાર | જિલ્લા શાસનાધિકારી, ગાંધીનગર. |

૫. ઉપર ફકરા-૪ માં દર્શાવેલ સ્થાનિક સત્તા મંડળ હેઠળ ફરિયાદ નિવારણ તંત્ર અલગ ઠરાવથી નક્કી કરવામાં આવશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૩૧-૦૧-૨૦૧૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ),
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

(ઉપરના ચાર: કમિશ્નરશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા